
# ચાલીશ વર્ષ જૂની જર્જરીત ચીપ ટાઈપની દુકાનોથી મોટી જાનહાની થશે તો સરકાર જવાબદર બનશે

## દુકાનો વેપારીઓને વેચાણ આપવામાં આવે તો સ્વ-ખર્ચે રિનોવેશન કરી શકે

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં ૩૫ થી ૪૦ વર્ષ પહેલા શોપીંગ સેન્ટરો બનાવવામાં આવ્યા છે. ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરો જર્જરીત હાલતમાં છે. અનેક વખત સુવિધા કચેરીમાં સમારકામ માટેની રજુઆત કરવા છતા મગનું નામ મરી પાડવામાં આવતુ નથી. આ વેપારીઓ જાયે તો કહા જાયે તેવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. તેમ અસરગ્રસ્ત વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલે જણાવ્યું છે.



ગાંધીનગરના નિર્માણ માટે શહેરની આજુ-બાજુના ગામના ખેડૂતોની જમીનો ખરીદી લેવામાં આવી હતી અને ખેડૂતોને એક-એક દુકાન આપવામાં આવી છે. ત્યારે આ દુકાનોને ૩૫ થી ૪૦ વર્ષ થઈ ગયા છે. દુકાનો જર્જરીત હાલતમાં છે અને રિનોવેશન માગે છે.

દુકાનોની છત ચાર ઈંચની બનાવેલ હોવાથી છતમાંથી પાણી ટપકે અને તેમાં ભેજ લાગવાના કારણે મોટા-મોટા પોપડા પડવાની ઘટનાઓ બને છે. ચોમાસાની સિઝનમાં પાણી ટપકવાથી દુકાનનો માલ બગડી જાય છે અને વેપારીને નુકશાન વેઠવું પડે છે.

વધુમાં રજુજીએ જણાવ્યુ છે કે આ દુકાનો જ્યારે ખેડૂતને આપવામાં આવી ત્યારે લાઈટ કનેક્શન વિના આપવામાં આવી હતી. આ ખર્ચ પણ દુકાન માલીકને ભોગવવું પડ્યું હતું. તો જો આ દુકાનો વેચાણથી આપવામાં આવે તો સ્વ-ખર્ચે તોડીને વ્યવસ્થિત બનાવી શકાય. તેમણે એમ પણ કહ્યું છે કે ૧૯૮૪ માં ચીપટાઈપ દુકાનો વેચાણ આપવા માટે ફાઈલ ચલાવવામાં આવી હતી. પરંતુ આ ફાઈલો ક્યા ખોવાઈ ગઈ તેનો કોઈ પત્તો મળતો નથી.

દુકાનોનું આયુષ્ય પુર્ણ થવા આવ્યું છે. ઉંમર લાયક થઈ ગઈ છે. ખરતુ પાન કહેવાય અને તેના કારણે છત ઉપરથી મોટા-મોટા સિમેન્ટ સાથેના પોપડા પડી રહ્યા છે. ઘણા વેપારીઓને ઈજા પહોંચવાની ઘટનાઓ પણ બનેલી છે. ત્યારે જો કોઈ મોટી જાનહાની સર્જાય છે તો તેની જવાબદારી સરકારની રહેશે. માટે ઝડપથી આ સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રમુખે માંગણી કરી છે.

# સે. ૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવમાં આજે હિતુ કનોડિયા ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫ માં ગણેશોત્સવની ઉંમગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના ત્રીજા દિવસે અતિભારે વરસાદની વચ્ચે પણ સમિતિ દ્વારા બનાવવામાં આવેલ વોટરપ્રુફ ડોમની અંદર મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી જાદુના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મહોત્સવના ત્રીજા દિવસે નહેરુ યુવા કેન્દ્ર , ગાંધીનગરના સૌજન્યથી દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ જાદુગર ડી લાલ ના ભવ્ય જાજરમાન જાદુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સાંજના સમયે વાતાવરણ તોફાની બનતા અતિભારે વરસાદ વરસ્યો હતો. પરંતુ સમિતિ દ્વારા ખાસ વરસાદને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ રંગમંચને વોટરપ્રુફ ડોમમાં પરિવર્તિત કરવામાં લેવામાં આવેલ નિર્ણય યોગ્ય રીતે લોકઉપયોગી સાબીત થયેલ છે. જેના કારણે નગરમાં વરસેલ અતિભારે વરસાદની વચ્ચે પણ લોકોએ પોતાના ઘરેથી વરસાદની ચિંતા કર્યા વગર જાદુના કાર્યક્રમને નિહાળવા રંગમંચ પર પહોંચ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અતિભારે વરસાદની વચ્ચે નગરજનોએ રંગમંચ પર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને નગરજનોએ વોટરપ્રુફ ડોમની અંદર વરસાદની ચિંતા કર્યા વગર રોજે રોજ કાર્યક્રમ ઉપસ્થિત રહેવા આગ્રહ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા નહેરુ યુવા કેન્દ્રના શ્રી રજનીકાંત સુથાર, સમિતિના મહામંત્રી પ્રવિણ બાલપાંડે, વિષ્ણુરાવ બાલપાંડે, કલ્પેશ બાલપાંડેએ જહેમત ઉઠાવી હતી.

મંગળવારના મહોત્સવના પાંચમા દિવસે રાત્રે ૮.૩૦ કલાકે રંગમંચ પર ગુજરાતના સંગીત નાટક અકાદમીના સૌજન્યથી સુપ્રસિદ્ધ લોક ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રમોશન મિડીયા અને બિગસોટ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા પમી સપ્ટેમ્બરના રોજ પ્રસિદ્ધ થનાર સસ્પેન્સ અને થ્રિલર ગુજરાતી ફિલ્મ 'વિશ્વાસઘાત'ના કલાકારો ફિલ્મના પ્રમોશન માટે ઉપસ્થિત રહેનાર છે. આ ફિલ્મમાં હિતુ કનોડીયા, પી.સી. ડોન, કેમેરામેન વિરલ પટેલ, અને ફિલ્મના પ્રોડ્યુસર પરેશ સંઘવીએ કરેલ છે. રંગમંચ પર ફિલ્મના પ્રમોશન માટે કલાકારો હિતુ કનોડીયા, પરેશ સંઘવી, જિલ મહેતા, ડીમ્પલ ઉપાધ્યાય, પ્રકાશ ઝારાવાલા અને નદિમ ઉપસ્થિત રહેશે. કલાકારોને પ્રોત્સાહન પુરુ પાડવા અને ડાયરાની રમઝટ માણવા નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આમંત્રણ પાઠવેલ છે.

## ગણેશોત્સવ નિમિત્તે આજના કાર્યક્રમો

- સે. ૨૨ ના રંગમંચ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સૌજન્યથી સુપ્રસિદ્ધ કલાકારોનો લોક ડાયરો યોજાશે.
- સે. ૬ માં ભુવનેશ્વર મહાદેવ ખાતે આજે રાત્રે ગુજરાતના ત્રણ પ્રખ્યાત જાદુગરો નીલ-નિલેશ, સુનિલ અને રવિનો કાર્યક્રમ યોજાશે.
- સે. ૨-સીમાં આયોજિત ગણેશોત્સવમાં જુનિયર કલાકાર નાઈટ યોજાશે. જેમાં જુનિયર બચ્ચન, જુનિયર શક્તિકપુર, જુનિયર હિમેશ રેશમિયા, જુનિયર રાજકુમાર અને જુનિયર નરેશ કનોડિયા તેમનો કાર્યક્રમ રજુ કરશે.
- સે. ૩-ડી ખાતે યોજાયેલ ગણેશ ઉત્સવમાં આજે સુમધુર મ્યુઝિકલ ગૃપ દ્વારા સંગીતનો કાર્યક્રમ યોજાશે.
- સે. ૩-એ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવમાં સહિયર ડાંડિયા રાસનો કાર્યક્રમ યોજાશે.

# સે-૮ આદર્શ નિવાસી શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી થઈ




ગાંધીનગર, તા.૧

સેકટર-૮માં આવેલ આદર્શ નિવાસી શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાંચન, સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાની ૮૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીનીઓ શાળાકીય શિક્ષણની સાથે સાથે કારકિર્દી લક્ષી શિક્ષણ મેળવે તે અંતર્ગ જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. સેકટર-૮માં આવેલ અનુસૂચિત જાતિ કલ્યાણ સંચાલિત આદર્શ નિવાસીશાળામાં વાંચન સ્પર્ધા યોજાઈ હતી.

સ્પર્ધામાં મુખ્ય મહેમાન પદે શાળાની પૂર્વ વિદ્યાર્થીની અને રમત ક્ષેત્રે નામના ધરાવનાર દક્ષા પંચાલ ઉપસ્થિત રહી હતી તેમજ સાથે તરુલા સોલંકી, પૂજા પરમાર, અરુણા પંચાલ, કાળી સોલંકી અને નિતા ડોડીયા ઉપસ્થિત રહી હતી.

સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ વિવિધ પુસ્તકો વાંચ્યા હતા જેમાં અકબર બિરબલ વાર્તા, મનુનુ સર્જન, સામાન્ય ગુજરાતી સંતો સાથેના પ્રેરક પ્રસંગો વાંચીને સમીક્ષા રજુ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન ધો-૯ની બાળા મનિષા મકવાણા અને પલક સિંઘલે કર્યું હતું.

# પથિકા ડેપો પાસે ચાલુ એકટીવાસવાર મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા.૧

શહેરના ઘ-૩ થી ચ-૩ માર્ગ પર જે.એમ. ચૌધરી શાળા પાસે વાહન પર પસાર થઈ રહેલ મહિલાના ગળામાંથી પલ્સર બાઈક પર આવેલા ચેઈન સ્નેચરે સોનાના દોરાની ચીલઝડપ કરી હતી અને પુરપાટ ઝડપે બાઈક હંકારી નાસી છૂટયો હતો. આ મામલે સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર પાસે સી.આર.પી.એફ. કેમ્પ આવેલ છે જયાં મકાન નં. ૪૧૩ ટાઈપ-૨ ખાતે રાયમલ રોઝ ક્રિશ્ચિન પોતાના પરિવાર સાથે રહે છે દરમિયાન આજે બપોરના સમયે રાયમલ રોઝ અને તેમની પત્ની સુનિતા રોઝ બંને એકટીવા પર ઘ-૩ થી ચ-૩ માર્ગ પર પસાર થઈ રહ્યા હતા. ક્રિશ્ચિન દંપતિ એકિટવા પર જે.એમ. ચૌધરી શાળા પાસે પહોંચતા જ પાછળથી પુરપાટ ઝડપે આવેલ અંદાજે ૨૪ વર્ષીય શખ્સે મહિલાના ગળામાં રહેલ બે તોલાના સોનાના દોરાની ચીલઝડપ કરી હતી અને પળવારમાં જ પલ્સર બાઈક પર પલાયન થઈ ગયો હતો. એકટીવા સવાર મહીલાના ગળામાંથી ધોળે દિવસે ચીલઝડપ થતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ સંદર્ભે સે-૭ પોલીસે ગુનો નોંધ્યો હતો જેની તપાસ પી.એસ.આઈ. એ.કે. વર્મા ચલાવી રહ્યા છે.

# જુના સચિવાલય સંકુલમાં જુગાર રમતા ચાર જુગારીયાઓ ઝડપાયા

## સે. ૭ પોલીસે રૂ. ૨૫૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧

શહેરના જુના સચિવાલય સ્થિત બ્લોક નં. ૧૦ પાસે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડી જુગાર રમતા ચાર જુગારીયાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. જુગારીયા પાસેથી રૂ. ૨૫૦૭૦ નો મુદ્દામાલ કબજે કરી સે. ૭ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં આવેલ જુના સચિવાલય સ્થિત બ્લોક નં. ૧૦ પાસે કેટલાક જુગારીયાઓ હાર-જીતનો પત્તાનો જુગાર રમી રહ્યા હોવાની માહિતીના આધારે પોલીસે માહિતી સ્થળે દરોડો પાડી ચાર જુગારીયા કેતન ઘનશ્યામ ઠક્કર, અશોક કેશવભાઈ શર્મા, રાજેશ દલબહાદુર ગુરખા અને કનૈયા નથુભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રૂ. ૨૫૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીયા વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચિલોડામાં રખડતી ગાયોના ત્રાસ સામે તંત્રના આંખ મિચામણા

## સર્કલ પર ગાયોના કારણે ટ્રાફિક જામના દશ્યો રોજીંદા બન્યા : નજીકના ખેતરોમાં ભેલાણ કરી ઉભાપાકને વ્યાપક નુકસાન પહોંચાડતી ગાયોથી ખેડૂતો ચિંતામાં

ચિલોડા, તા.૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં આ વર્ષે વરસાદી મહેર સારી રહેતા ખેડૂતો આનંદમાં આવી ગયા છે. આ પંથકમાં ડાંગર, કપાસ, જુવાર અને શાકભાજીનું પણ સારા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું છે. જો કે ખેડૂતોના આ પ્રયાસોને પરિણામે ખેતરોમાં પાક તો લહેરાઈ ગયો છે પરંતુ આ પંથકમાં રખડતી ગાયોના ઝુંડથી આ પાક સામે ખતરો છે. એટલું જ નહી પરંતુ ચિલોડા પોલીસ સ્ટેશનની સામે નેશનલ હાઈવે પર પણ આ ગાયો અડીંગો જમાવીને બેસી જાય છે જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ સહિત અનેક લોકો હેરાનગતિનો ભોગ બની રહ્યા છે. આ ગાયોના અડીંગાને કારણે દિવસ દરમિયાન અનેકવાર આ સર્કલે ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે છતાં તંત્ર દ્વારા અગમ્ય કારણોસર આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે પરંતુ થોડા સમય પછી ફરીથી ગાયો ત્યાં આવીને બેસી જાય છે.

આ ગાયોના ધણ જયાં બેસે છે ત્યાં જ મળમૂત્ર વગેરે દ્વારા ગંદકી પણ ફેલાવે છે. જેના કારણે ચોમાસાના વાતાવરણમાં રોગજન્ય જંતુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. આ ગાયોના ટોળા આટલેથી ન અટકતા હવે નજીકના ખેતરોમાં પણ ઘુસી જવા લાગ્યા છે અને ભેલાણ કરવા લાગ્યા છે. આ કારણે ખેતીના પાકોને વ્યાપક



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પણ ઉભો થવા પામતા ધરતીપુત્રો ચિંતાતુર બન્યા છે.

ચિલોડાના મુખ્ય સર્કલ સહિત ફુટપાથ, મુખ્યમાર્ગો, એપ્રોચ રોડ અને ગામના પ્રવેશદ્વારે પણ આ ગાયોના ટોળે ટોળા રખડતા દેખાય છે જયારે ટ્રાફિક જામ થાય ત્યારે હોમગાર્ડ અને પોલીસના જવાનોને ગાયો હટાવવા મોકલવામાં આવે છે જેના કારણે તેમની સ્થિતિ પણ હાસ્યાસ્પદ બને છે. વળી આ પગલાંને કારણે કામચલાઉ રાહત મળે નુકસાન થઈ રહ્યું છે. અને ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ ગયાં છે. તંત્ર દ્વારા આ સમયાનો સત્વરે કાયમી ઉકેલ આવે તેવા પગલાં ભરાય તેવી ખેડૂતો અને ગ્રામજનો ઉપરાંત વેપારી વર્ગમાં પણ માંગ ઉઠવા પામી છે.

# ડભોડાના ભીક્ષુકની વૃધ્ધાનું પડી જતા સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકના ડભોડા ખાતે આવેલ ભીક્ષુક ગૃહમાં રહેતા ૭૪ વર્ષીય ઉર્મિલાબેન શાહ થોડા દિવસ અગાઉ ભીક્ષુકગૃહમાં જ બિમારીને કારણે પડી જતા પગમાં ફ્રેકચર થતા ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. વૃધ્ધાની હાલત વધુ નાજુક જણાતા વૃધ્ધાને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલથી અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન આજે તેમનું અમદાવાદ સિવિલમાં મોત નિપજયું હતું.

# હરિદ્વાર ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧

દેવભૂમિ હરિદ્વારની પાવન ધરતી પર પિતૃ મોક્ષાર્થે શાસ્ત્ર, સંગીત અને સાહિત્યનો ત્રિવેણી સંગમ સમી શ્રીમદ્ ભાગવત કથા યોજવામાં આવશે. કથાનો પ્રારંભ તા. ૩જીના રોજ બપોરે ૪.૦૦ વાગે થશે. અને તા. ૯ના રોજ કથા વિરામ કરાશે. કથાનું દિપ પ્રાગટય શૈલેષભાઈ બ્રહ્મભટ્ટ, મુખ્ય યજમાન તરીકે રાજેશભાઈ પટેલ, પોથી યજમાન તરીકે દશરથગીરી ગોસ્વામી અને અરવિંદભાઈ પંચાલ, રસપાલસિંઘ ઉપસ્થિત રહેશે. કથા હરિગીરી આશ્રમ, કનખલ, હરિદ્વાર ખાતે કનૈયાલાલજી મહારાજના શ્રી મુખે યોજાશે.

# આજે બાપુનગર પદયાત્રી મંડળ સેવા કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧

બાપુનગર પદયાત્રી મંડળ દ્વારા આજે રાંધેજા ચોકડી પેટ્રોલ પંપ પાસે સેવા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવશે. બાપુનગર પદયાત્રી મંડળ દ્વારા સતત ૧૫માં વર્ષે સેવા આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. સેવા કેન્દ્રમાં અંબાજી જતા પદયાત્રીકોને પાકુ ભોજન, ગરમ ગરમ ચ્હા, કોફી, ન્હાવા માટે ગરમ પાણી તેમજ મેડીકલ સહાય ૨૪ કલાક આપવામાં આવશે.

# રાજ્યકક્ષાના એન.એસ.એસ. વર્કશોપમાં નાથીબા કોલેજની વિદ્યાર્થીઓએ બાજી મારી

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાએ એન.એસ.એસ. વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપમાં ૧૦યુનિવર્સિટીની ૬૨ કોલેજના ૫૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ વિજેતા બની હતી.

ગાંધીનગર સેક્ટર-૨૩ માં આવેલ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજે રાજ્યકક્ષાના એન.એસ.એસ. વર્કશોપમાં ભાગ લીધો હતો. એલ.ડી. આર્ટસ કોલેજના યજમાન પદે યોજાયેલ વર્કશોપમાં ૧૦ યુનિવર્સિટીની ૬૨ કોલેજના ૪૨૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

સ્પર્ધામાં સેક્ટર-૨૩ નાથીબા કોલેજની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી. જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં માનસી મેદપુરા, એકપાત્રીય અભિનયમાં પ્રિયંકા સોજીત્રા, સમૂહ નૃત્યમાં કોલેજની વિદ્યાર્થીનીઓનું ગૃપ, રંગોળી સ્પર્ધામાં હિરલ પટેલ અને નિબંધ સ્પર્ધામાં અનિતાબા વાઘેલાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલ, પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભારતીબેન દલવાડી, એન.એસએસ. કમિટીના સભ્યો ડૉ. બિંદુબેન ભટ્ટ, ડૉ. રૂપાબેન ચાવડા, પ્રા. રાકેશ પ્રજાપતિ, ડૉ. પ્રણવ જોશીપુરા, ડૉ. કિર્તી કમલ વાઘેલાએ તાલીમ આપી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

**કર્ક** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે.

**કુંભ** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ મણીભાઈ પટેલ (ઉ.વ.૫૩) મુ.પો. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિનેશભાઈ મોહનભાઈ દરજી (ઉ.વ.૬૮) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન કાન્તીલાલ મોદી (ઉ.વ.૭૨) મુ. માણસા, શિવમ સોસાયટી, તા.માણસા, જી. ગાંધીનગર